# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

## PUNJAB RAHAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરથી રાજ્ય સરકાર તરફથી પંજાબના પૂરગ્રસ્તો માટે રાહત સામગ્રી સહાયતા રવાના કરી. તે અંતર્ગત 20 વેગન સામાન સાથે 700 ટન રાહત સામગ્રી પંજાબ મોકલવામાં આવી છે. 20 હજાર અસરગ્રસ્તો માટે આ રાહત કીટ તૈયાર કરાઈ હોવાનું રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું.

(બાઈટ : ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

. . . . . . . . . . .

## BANASKANTHA RATION KIT

પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લા માટે આજે સરકાર દ્વારા 18 હજાર રાશન કીટ રવાના કરાઈ છે. 15 કિલોની એક રાશન કીટમાં 5 કિલો ઘઉં, 3 કિલો બાજરી, 2 કિલો ચોખા, એક કિલો ખાંડ, એક કિલો તુવેરદાળ, એક કિલો ચણા, એક કિલો મીઠું અને એક લીટર તેલનો સમાવેશ થાય છે. રાશન કીટ રવાના કરતાં રાજ્ય કક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુ કે રાજ્ય સરકાર સરહદી વિસ્તારના નાગરિકોની પડખે છે. તેમણે ઉમેર્યું કે સરકાર અને તંત્રએ પૂરગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક રાહત-બચાવ અને સહાય માટે કામગીરી કરી છે. તંત્ર દ્વારા 228 લોકોને બચાવાયા તથા 6 હજાર 867

વ્યક્તિઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આજે પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે.

. . . . . . . . . . .

## FORENSIC VAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લાઓમાં ફાળવાયેલી 28 નવી અદ્યતન મોબાઈલ ફોરેન્સિક વાનને આજે ગાંધીનગરથી લીલીઝંડી આપી. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ગુના બનાવ કે અકસ્માત સ્થળ પરીક્ષણમાં વૈજ્ઞાનિક ઢબે પ્રાથમિક તપાસ-પુરાવા માટે મોબાઈલ ફોરેન્સિક વાનની મહત્વની ભૂમિકા છે. જેનાથી ગુનાઓની તપાસ ઝડપી અને અસરકારક બનશે. તેમણે ઉમેર્યું કે,

(બાઇટ : હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

આ સાથે રાજ્યમાં વર્તમાન 47 મોબાઈલ ફોરેન્સિક વાનની સંખ્યા વધીને 75 થઈ છે.

. . . . . . . . . . .

## Dang – NEW BUS

ડાંગ જિલ્લાના નાગરિકોની સુખાકારીને ધ્યાનમાં રાખીને નવી બસ ફાળવવામાં આવી રહી છે, ત્યારે વઘઇ – દિવડિયાવન બસને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા લીલી ઝંડી આપાઈ. ઉલ્લેખનીય છે કે, છેલ્લા 1 માહિનામાં ડાંગને કુલ 10 નવી બસ ફાળવવામાં આવી છે. જીલ્લામાં વાહન વ્યવહારની સ્થિતિ સુગમ બને અને અંતરિયાળ ગામ મુખ્ય મથક સાથે સીધા જોડાઈ શકે તે હેતુસર આ બસ વિવિધ રુટ પર દોડી રહી છે.

. . . . . . . . . . .

## NEPAL BHAVNAGAR

**નેપાળમાં ફસાયેલા ભાવનગરના નારી ગામના 43 પ્રવાસીઓ હેમખેમ ભારત આવી ગયા છે. આ તમામ પ્રવાસી સલામત હોવાનું જણાયું છે. નારી ગામથી વિનોદ લિંબાણી નામના વ્યક્તિ 43 પ્રવાસીને લઈ ગોકુળ, મથુરા, હરિદ્વાર અને નેપાળ સહિતના સ્થળોએ પ્રવાસ માટે નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ નેપાળ ગયા અને બે દિવસથી ફસાઈ ગયા હતા. જોકે, હવે તેઓ ભારતમાં આવી ગયા છે અને હવે આગામી દિવસોમાં તેઓ ભાવનગર પહોંચશે.**

. . . . . . . . . . .

## AMUL DAIRY ELECTION

**અમૂલ ડેરીના નિયામક મંડળની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં સરેરાશ 97.48 ટકા મતદાન થયું. હવે આવતીકાલે મતગણતરી કરાશે. આણંદના અમારા પ્રતિનિધિ જણાવે છે, ચૂંટણીમાં ખંભાત, બોરસદ, કઠલાલ અને કપડવંજ બેઠક પર 100 ટકા મતદાન થયું.**

**ચૂંટણીમાં મતદાર વિભાગ એકની બાર બેઠક પૈકી ઠાસરા, મહેમદાવાદ, બાલાસિનોર અને વિરપુર એમ ચાર બેઠક બિનહરીફ જાહેર થઈ હતી, જેથી અન્ય આઠ બેઠક અને મતદાર વિભાગ બેમાં આજીવન વ્યક્તિ સભાસદની એક મળીને કુલ નવ બેઠક પર મતદાન થયું.**

**.......................................**

# Mahesana market yard - close

મહેસાણા માર્કેટ યાર્ડમાં આવતીકાલ થી 15 સપ્ટેમ્બર સુધી 4 દિવસ માટે તમામ કામકાજ અને હરાજી બંધ રહેશે..જિલ્લા ના ખેડૂતો ને જણસના વેચાણ માટે માર્કેટયાર્ડમાં ન આવવા જણાવાયું છે. મહેસાણા માર્કેટ યાર્ડના વેપારીઓ એસોસિએશન દ્વારા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હોય આ નિર્ણય લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . .

## OKHA DELHI TRAIN

દશેરા, દિવાળી અને છઠ પૂજાના તહેવારોને ધ્યાને લઈ પશ્ચિમ રેલવે ઓખા–શકુર બસ્તી વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવશે. ઓખા–શકુર બસ્તી સ્પેશિયલ ટ્રેન દર મંગળવારે ઓખાથી સવારે 10 વાગ્યે ઉપડશે. જ્યારે શકુર બસ્તી–ઓખા સ્પેશિયલ ટ્રેન દર બુધવારે શકુર બસ્તીથી બપોરે સવા એક વાગ્યે ઉપડશે.

ટ્રેન 23 સપ્ટેમ્બરથી 26 નવેમ્બર સુધી દોડનારી આ ટ્રેન માટેનું બુકિંગ આજથી તમામ PRS કાઉન્ટર અને IRCTCની વૅબસાઈટ પરથી શરૂ થશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

........................................

# BHAVNAGAR TRAIN

ભાવનગર-પોરબંદર દૈનિક પૅસેન્જર ટ્રેનને ખોડિયાર મંદિર રેલવેમથક પર વધારાનો ઠેરાવ એટલે કે, સ્ટૉપેજ અપાયું છે. તેના શુભારંભ માટેનો સમારોહ આજે બપોરે ખોડિયાર રેલવેમથક ખાતે યોજાશે.

. . . . . . . . . . .